# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN STATE SUMMARY

રાજ્યમાં ગત ૨૪ કલાક દરમિયાન ૩૩ જિલ્લાઓના ૧૯૯ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર થઈ છે. રાજકોટના જામકંડોરણા, સાબરકાંઠાના ઇડર અને બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં ૫-૫ ઇંચ, જ્યારે રાજકોટના ધોરાજી અને જામનગરના જોડિયા તાલુકામાં ૪-૪ ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આજે સવારે ૬.00 થી બપોરના બે વાગ્યા સુધીમાં રાજ્યનાં 115 તાલુકામાં મધ્યમ વરસાદ પડ્યો છે. સૌથી વધુ સાડા ત્રણ ઇંચ સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં પડ્યો છે.

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશની સામે 39 ટકા વરસાદ પડ્યો છે. સૌથી વધુ 41 ટકા દક્ષિણ ગુજરાત અને 40 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં નોંધાયો છે.

વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે આજે સવારે 6:00 થી બે વાગ્યા સુધીમાં વલસાડ તાલુકામાં સૌથી વધારે અઢી ઇંચ વરસાદ નોંધાયો હતો. 1લી જૂનથી અત્યાર સુધીમાં જિલ્લામાં સરેરાશ 36 ઇંચ વરસાદ નોંધાયો છે. કપરાડા તાલુકામાં સૌથી વધુ 48 ઇંચ વરસાદ પડ્યો છે. વરસાદને કારણે વલસાડ શહેર અને ખેરગામ રોડ પર આવેલા 44 ગામોને જોડતા રેલવે અંડરપાસમાં પાણી ભરાયા છે.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, ભાટિયા, કલ્યાણપુર, ભોગાત, હર્ષદ અને લાંબા પંથકમાં સારા વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ભાટિયા વિસ્તારમાં બે કલાકમાં બે ઇંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

જામનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, સાર્વત્રિક વરસાદથી જામનગરનો રણજીતસાગર ડેમ ફરી એક વખત છલકાઈ ગયો છે. જિલ્લાના જોડિયા, ધ્રોલ, કાલાવડ, લાલપુર, જામનગર અને જામજોધપુર તાલુકામાં ઓછા વધતા અંશે વરસાદ નોંધાયો છે અને ઉપરવાસમાં પણ સારો વરસાદ પડતાં રણમલ તળાવમાં પણ નવા નીરની આવક શરૂ થઈ છે અને રંગમતી ડેમ પણ છલકાઈ ગયો છે.

. . . . . . . . . . .

# SABARKANTHA DAM

સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી વરસી રહેલા સારા વરસાદને પગલે જળાશયોની સપાટીમાં વધારો થયો છે.

ગઈ કાલ સુધીમાં સૌથી વધુ ૬૧૨૦ ક્યુસેક પાણીની આવક હાથમતી જળાશયમાં થઈ છે. ચોમાસાના પ્રારંભમાં જ જળાશયોની સપાટી વધી રહી હોવાથી ખેડુતોમાં પણ ખુશી જોવા મળી છે. જળાશયોમાં પાણીની આવક વધી રહી હોવાથી આગામી સિઝનમાં પણ ખેડુતોને સિંચાઈ માટે પુરતું પાણી મળી રહેવાની આશા છેઃ

આ અંગે સિંચાઇ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મિલન પટેલે વધુ માહિતી આપીઃ

(BYTE - MILAN PATEL, SABARKANTHA)

. . . . . . . . . . .

# ARVALLI BAGLESS DAY

રાજ્ય સરકાર દ્વારા ધોરણ એક થી આઠનાં બાળકો માટે દર શનિવારે બેગલેસ ડે જાહેર કરાયો છે. બાળકોને ભાર વિનાનું ભણતર લાગે અને નવું શીખવાની તક મળે તે આશયથી આ પહેલ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી નૈનેશકુમાર દવેએ આ પહેલ અંગે વધુમાં આ મુજબ જણાવ્યું...

(BYTE - ARVALLI BAGLESS DAY)

. . . . . . . . . . .

# INTERNATIONAL COOPERATIVE YEAR

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫'ની ઉજવણીનાં ભાગ રૂપે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે રાજ્યભરમાં Enam અને AGMARK જેવા વિષયો પર સમીક્ષા અને તાલીમ કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમોમાં કુલ ૧૪૪ જેટલા માર્કેટિંગ કમિટીના સચિવો સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની તમામ APMCને ટેકનોલોજી થકી વધુ સશક્ત અને કાર્યક્ષમ બનાવવા આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યની તમામ APMCમાં ૧૦૦ ટકા ડિજિટલાઇજેશન માટે રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

……………………………………

## DHARTI AABAA

**ધરતી આબા જનજાતિય ગામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના ભવાનદગડ, રંભાસ અને પિપલદહાડ પ્રાથમિક શાળા ખાતે લાભાર્થી સંતૃપ્તિ કેમ્પ યોજાયા. અભિયાન અંતર્ગત છોટાઉદેપુરમાં આવતીકાલે તમામ તાલુકામાં શિબિર યોજાશે.**

……………………………………

## Rajkot- Suposhan Samvad

રાજકોટ મહાનગરપાલિકાની આંગણવાડીઓમાં "સુપોષણ સંવાદ"ની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર શારદા દેસાઈ દ્વારા સગર્ભા બહેનોને ગુજરાત સરકાર તરફથી મળતા માતૃ શક્તિના પેકેટનો ખોરાકમાં

ઉપયોગીતા વિષે  સમજ,  માતાને પોષણની જરૂરિયાત, માનસિક તાણમાં ઘટાડો જેવી દરેક બાબત પર માહિતી આપવામાં આવી હતી.

. . . . . . . . . . .

# RAJKOT NARI SAMMELAN

**પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં ગઈકાલે રાજકોટના જસદણ ખાતે "નારી સંમેલન" યોજાયું. ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સંમેલનમાં અંદાજે 300 મહિલાઓને વિવિધ યોજનાઓની માહિતી અપાઈ. આ પ્રસંગે શ્રી બાવળિયાએ નારી સક્ષમ, સબળ અને સશક્ત બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું.**

**દરમિયાન મંત્રીશ્રીના હસ્તે 25 જેટલા લાભાર્થીઓને T.H.R. કીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમપત્ર અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનારી મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા**

**.......................................**